૨૩૨૫૪૩૭૭ (નિયામક)
૨૩૨૫૪૪૧૧ (સંયુક્ત નિયામક)
૨૩૨૫૬૩૫૯ (હિસાબી અધિકારી)
૨૩૨૫૪૯૯૪ (ટી.સી.બ્રાંચ)
૨૩૨૫૯૭૬૦ (ફેક્સ નં)

# હિસાબ અને તિજોરી નિયામકની કચેરી,

## ગુજરાત રાજ્ય

વિમા અને લેખા ભવન બ્લૉક નં.૧૭,
ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર-૩૮૨૦૧૦

E mail address:-supt-tc-dat@gujarat.gov.in

નં.હિતિનિ/ટીસી/ફા.નં.૧૦૫/ઉચ્ચક મુસાફરી ભથ્થુ/ ૪૩૩૨-૩૬૮

તા. ૯/૦૯/૨૦૧૪

વિષય:- વયનિવૃત્ત કર્મચારીને ઉચ્ચક મુસાફરી ચુકાદા અંગે.

પરિપત્ર :- ૧૨

પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ ની ચુકવણા નિયંત્રણ હેઠળની કચેરીઓમાંથી રજુ થતાં વયનિવૃત્ત કર્મચારીઓના ઉચ્ચક મુસાફરી ભથ્થા બિલોની આકારણીના સંદર્ભમાં ગુજરાત મુલ્કી સેવા નિયમો (મુસાફરી ભથ્થા) -૨૦૦૨ ના નિયમ-૧૦૭ (૨) અનુસાર ઉચ્ચક મુસાફરી ભથ્થાની રકમ કર્મચારીની નોકરીના છેલ્લા કામકાજના દિવસે ચુકવણી કરવાની જોગવાઈ હોવાથી કર્મચારીની વયનિવૃત્તિ બાદ આવા દાવા તિજોરીમાં રજુ કરવામાં આવતાં ઉક્ત બિલ કર્મચારીની વયનિવૃત્તિ બાદ રજુ થયેલ હોય, મળવાપાત્ર ન હોવાનું (Laps) જણાવી સંબંધિત કચેરીઓને પરત કરવામાં આવેલ હતાં. જે અનુસંધાને સંબંધિત કચેરીઓ તરફથી થયેલ રજુઆત ધ્યાને લઈ નાણાવિભાગને અત્રેના તા.૧૩/૦૫/૨૦૧૩ ના પત્રક્રમાંક:- હિતિનિ/ટીસી/ફા.નં.૧૦૫/પી.એ.ઓ. અમદાવાદ/૨૮૦૪ અનુસંધાને ઉક્ત નિયમની જોગવાઈ પરત્વે અત્રેની કચેરીનું મંતવ્ય દર્શાવી સ્પષ્ટતા કરવા નાણાવિભાગને જણાવેલ હતું. જે અનુસંધાને નાણાવિભાગ પત્રક્રમાંક:- પરચ/૧૦૨૦૧૪/૭૧૨/ચ તા.૦૬/૦૮/૨૦૧૪ ના પત્રથી નાણાવિભાગ દ્વારા મળેલા સમર્થન અન્વયે નીચે મુજબની સ્પષ્ટતા ધ્યાને લેવાની રહે છે :

ગુજરાત મુલ્કી સેવા નિયમો (મુસાફરી ભથ્થા) -૨૦૦૨ ના નિયમ-૧૦૭ (૨) ની જોગવાઈ અનુસાર વયનિવૃત્ત થતાં કર્મચારીને ઉચ્ચક મુસાફરી ભથ્થાની રકમ નોકરીના છેલ્લા કામકાજના દિવસે ચુકવવામા આવશે. એવી જોગવાઈનો હેતુ કર્મચારીને નિવૃત્તિ પહેલા તેનો હક દાવો મળી જાય તેવો છે. કોઈ કારણોસર નિવૃત્તિ પહેલા કર્મચારીએ વિકલ્પ આપેલો હોવા છતા મુસાફરી ભથ્થાની રકમ ચુકવી ન શકાય તો તેનો દાવો Laps જતો નથી, પરંતુ નિવૃત્તિ બાદ પણ તે ચુકવી શકાય છે.

ઉપર જણાવેલી નાણા વિભાગની સ્પષ્ટતા ધ્યાને લઈ વયનિવૃત્ત કર્મચારીના ઉચ્ચક પ્રવાસ ભથ્થાના રજુ થતા બિલોની ચુકવણી પરત્વે જરૂરી કાર્યવાહી હાથ ધરવા તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રી અને પગાર અને હિસાબી અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે.

નિયામક

પ્રતિ,
પગાર અને હિસાબી અધિકારીશ્રી, પગાર અને હિસાબી અધિકારીશ્રી ની કચેરી ....................
શ્રેયાન/જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી,..................
નિધિ નિરીક્ષણ અધિકારીશ્રી, નિધિ નિરીક્ષણ શાખા, ગાંધીનગર તરફ જાણ સારૂ
સિલેકટ ફાઇલ

E:\TC\Chudasama\File No.105(3).docx